# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

"જ્યોતિર્મય" પરિસર, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,
સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧

E-mail: info@baou.edu.in | Website: www.baou.edu.in


જા.નં.બાઆંઓયુ/પરીક્ષા/TEEJAN-20/Web/૨૦૨૧ તા. ૨૬/૧૧/૨૦૨૦

પ્રતિ,
અભ્યાસકેન્દ્ર સંયોજકશ્રી / પરીક્ષાકેન્દ્ર ઇન્ચાર્જશ્રી / પ્રોગ્રામ ઇન્ચાર્જશ્રી / વિદ્યાર્થીઓ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી,
અમદાવાદ

**વિષય: જાન્યુઆરી ૨૦૨૧ સત્રાંત પરીક્ષાનાં ઓનલાઈન માધ્યમથી પરીક્ષા ફોર્મ ભરવા અંગે**

શ્રીમાન સંયોજકશ્રી / વહાલા વિદ્યાર્થીઓ,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે યુનિવર્સિટી દ્વારા જાન્યુઆરી ૨૦૨૧ માં લેવાનાર સત્રાંત પરીક્ષા આપવા માટે લાયક દરેક વિદ્યાર્થીઓ એ પરીક્ષા ફોર્મ ભરાવવાના થાય છે, જે સંદર્ભે નીચેના મુદ્દા ધ્યાનમાં રાખશો.

**જાન્યુઆરી ૨૦૨૧ સત્રાંત પરીક્ષાઓનાં ફોર્મ ભરવાની અગત્યની તારીખો**

| પરીક્ષા ફી ની વિગત | વિદ્યાર્થી દ્વારા અભ્યાસકેન્દ્ર પર ફોર્મ જમા કરાવવાની તારીખ | અભ્યાસકેન્દ્રો દ્વારા પરીક્ષા વિભાગ, યુનિવર્સિટી ખાતે જમા કરાવવાની અંતિમ તારીખ |
|---|---|---|
| વિના મૂલ્યે | 27/11/2020 થી 20/12/2020 | 27/12/2020 |
| વિના મુલ્યે (લેઈટ ફી વગર) | 21/12/2020 થી 26/12/2020 (ખાસ કિસ્સામાં અનિવાર્ય સંજોગોને કારણે) | |

**નોંધ:**

1. વિદ્યાર્થીઓ દ્વારા **પરીક્ષા ફોર્મ યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પરથી ઓનલાઈન માધ્યમથી** ભરી શકાશે.
2. હાલની Coronavirus COVID-19 ની પરિસ્થિતિને ધ્યાને લેતા **યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓનાં હિતમાં પરીક્ષા ફોર્મ વિલંબથી ભરવાનાં સંજોગોમાં ભરવાની થતી લેઈટ- ફી (પેનલ્ટી) માંથી મુક્તિ આપવાનું નક્કી** કરવામાં આવેલ છે.
3. દરેક વિદ્યાર્થીઓએ **પરીક્ષા ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૬/૧૨/૨૦૨૦ સુધીમાં પરીક્ષા ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરી** દેવાની રહેશે.
4. દરેક અભ્યાસક્રમની **પરીક્ષાની પદ્ધતિ UGC અને સરકારશ્રીનાં દિશાનિર્દેશોને ધ્યાને લઈ નક્કી કરવામાં આવશે** જેની **વિગતો આગામી સમયમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.**
5. પરીક્ષાનું **સમય પત્રક પરીક્ષા શરુ થવાના ૧૦ થી ૧૫ દિવસ પહેલા જાહેર** કરવામાં આવશે.
6. પરીક્ષાનું **સમય પત્રક જાહેર થયા બાદ પરીક્ષાની હોલ ટીકીટ યુનિવર્સીટીની વેબસાઈટ પરથી ડાઉનલોડ** કરી શકાશે.

**જાન્યુઆરી ૨૦૨૧ સત્રાંત પરીક્ષા અંગેની અગત્યની સૂચનાઓ**

1. હાલની Coronavirus COVID-19 ની સંક્રમણની પરિસ્થિતિને ધ્યાને લેતા યુનિવર્સિટી દ્વારા ચાલતા વિવિધ અભ્યાસક્રમોની જાન્યુઆરી ૨૦૨૧ સત્રાંત પરીક્ષા UGC આ અંગેની માર્ગદર્શિકા અને COVID-19 અંગે ગુજરાત સરકારશ્રીનાં દિશાનિર્દેશો મુજબ જ લેવામાં આવશે.
2. **તા.27/11/2020નાં રોજ**થી વિદ્યાર્થી પોતાના એનરોલ્મેન્ટ નંબર દ્વારા યુનિવર્સિટીની વેબસાઇટ **www.baou.edu.in** પરથી પરીક્ષા ફોર્મ **ઓનલાઈન** માધ્યમથી જ ભરી શકશે.
3. ઓનલાઈન પરીક્ષા ફોર્મ ભરતી વખતે માહિતી માર્ગદર્શક પુસ્તિકામાં દર્શાવ્યા મુજબ જ પાઠ્યક્રમ કોડ અને પાઠ્યક્રમના શીર્ષક સિલેક્ટ કરવાના રહેશે, જેની પૂરી કાળજી રાખવી.
4. નવા પ્રવેશાર્થી, જુના વિદ્યાર્થી અને રીપીટર વિદ્યાર્થી - દરેક વિદ્યાર્થીઓએ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે પરીક્ષા ફોર્મ ભરવાનું રહેશે.

5. Vocational Professional કોર્ષના રીપીટર વિદ્યાર્થીઓએ નિયમાનુસાર વિષય દીઠ નિર્ધારિત પરીક્ષા ફી ભરવાની રહેશે, જે ફક્ત ઓનલાઈન માધ્યમથી જ ઈન્ટરનેટ બેંકિંગ, BHARAT QR, Debit Card, Credit Card, PoS, BHIM App દ્વારા ભરી શકાશે.
6. ઉપરોક્ત પરીક્ષા ફી કેશ (રોકડ), ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા જમા કરાવવી નહી આવા પરીક્ષા ફોર્મ યુનિવર્સિટી દ્વારા અમાન્ય ગણી વિદ્યાર્થીને પરત કરવામાં આવશે.
7. સંપૂર્ણ અને સાચી વિગતો સાથે ભરેલ પરીક્ષા ફોર્મ ઓનલાઈન સબમીટ કર્યા બાદ તેની હાર્ડ કોપી (ઈ-ફોર્મ ની પ્રિન્ટ) વિદ્યાર્થી પોતાની સહી કરી નિયત તારીખ પહેલા અભ્યાસ કેન્દ્ર / યુનિવર્સિટીમુખ્ય મથક પર જમા કરાવી શકશે.
8. કેન્દ્ર સંયોજકશ્રીઓએ વિદ્યાર્થીઓ દ્વારા જમા કરાવેલ પરીક્ષા ફોર્મ પર સહી-સિક્કા કરી ફોર્મ જમા કરાવવાની નિયત તારીખ સુધીમાં પરીક્ષા વિભાગ, યુનિવર્સિટી ખાતે રજીસ્ટર્ડ પોસ્ટ / કુરિયર મારફતે જમા કરાવવાના રહેશે.
9. જુલાઈ -૨૦૧૯ માં બી.એ. તેમજ બી.કોમ.માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ નવા અભ્યાસક્રમ પ્રમાણેની પરીક્ષા આપવાની રહેશે જેનું સમયપત્રક અલગ રહેશે.
10. જે વિદ્યાર્થીઓનાં પરીક્ષા ફોર્મમાં તેમનો ફોટો નાં જણાય તે વિદ્યાર્થીઓએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો પરીક્ષા ફોર્મ પર લગાવવાનો રહેશે
11. નિયત સમય મર્યાદા પહેલાં પરીક્ષા આપી શકાશે નહિ. દા.ત.
    I. જો બી.એ., બી.કોમ., બ્લીસ, એમ.એ. તથા ડીપ્લોમા અભ્યાસક્રમોનાં વિદ્યાર્થીનું એડમીશન જુલાઈ – ૨૦૧૯ માં થયું હોય તો FY ની પરીક્ષા જુલાઈ – ૨૦૨૦માં આપી શકે.
    II. આજ રીતે, બી.એ., બી.કોમ. તથા એમ.એ. અભ્યાસક્રમોનાં SYનાં વિદ્યાર્થીઓ તેમના SYનાં એડમીશનનાં એક વર્ષ બાદ SYની તથા બી.એ., બી.કોમ. અભ્યાસક્રમોનાં TYનાં વિદ્યાર્થીઓ તેમના TYનાં એડમીશનનાં એક વર્ષ બાદ TYની પરીક્ષા આપી શકશે.
    III. પરંતુ, જો FY, SY કે TYના વિદ્યાર્થીઓએ તેમના જે-તે વર્ષના એડમીશનના એક વર્ષ બાદ પરીક્ષા આપી હોય અને ફેઈલ થયા હોય, તો તેઓ તે વર્ષની ફેઈલ થયેલા વિષયોની પરીક્ષા હવે પછી લેવાનાર સત્રાંત પરીક્ષા દરમ્યાન આપી શકશે. દા.ત. જાન્યુઆરી–૨૦૧૮ ના પ્રવેશાર્થી ડીસેમ્બર – ૨૦૧૯ ની સત્રાંત પરીક્ષા આપી શકશે. પરંતુ જો તેઓ આ પરીક્ષા દરમ્યાન ફેઈલ થયા હોય, તો ફેઈલ થયેલા વિષયોની જુલાઈ – ૨૦૨૦માં લેવાનાર સત્રાંત પરીક્ષા આપી શકાશે.
    IV. માત્ર સર્ટીફીકેટ અભ્યાસક્રમનાં વિદ્યાર્થીઓ પ્રવેશના ૬ મહિના પછી પરીક્ષા આપી શકશે. જેમ કે જાન્યુઆરી – ૨૦૨૦માં સર્ટીફીકેટ અભ્યાસક્રમમાં પ્રવેશ લીધો હોય, તો વિદ્યાર્થી જુલાઈ – ૨૦૨૦માં પરીક્ષા આપી શકે.
12. પરીક્ષામાં ગેરરીતિની સજા થયેલ હોય, તે વિદ્યાર્થી સજાનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ જ પરીક્ષા આપી શકશે. દા.ત.
    I. જુલાઈ - ૨૦૧૮ ની પરીક્ષા દરમ્યાન ગેરરીતિ નિમિત્તે એક વર્ષની સજા થયેલ વિદ્યાર્થી જુલાઈ - ૨૦૧૯માં પરીક્ષા આપી શકશે.
    II. જુલાઈ - ૨૦૧૮ ની પરીક્ષા દરમ્યાન ગેરરીતિ નિમિત્તે બે વર્ષની સજા થયેલ વિદ્યાર્થી જુલાઈ - ૨૦૨૦માં પરીક્ષા આપી શકશે.
    III. જુલાઈ - ૨૦૧૯ ની પરીક્ષા દરમ્યાન ગેરરીતિ નિમિત્તે એક વર્ષની સજા થયેલ વિદ્યાર્થી જુલાઈ - ૨૦૨૦માં પરીક્ષા આપી શકશે.
    IV. જુલાઈ - ૨૦૧૯ ની પરીક્ષા દરમ્યાન ગેરરીતિ નિમિત્તે બે વર્ષની સજા થયેલ વિદ્યાર્થી જુલાઈ - ૨૦૨૧માં પરીક્ષા આપી શકશે.
    V. ડીસેમ્બર - ૨૦૧૯ ની પરીક્ષા દરમ્યાન ગેરરીતિના કેસ થયેલ વિદ્યાર્થી જુલાઈ - ૨૦૨૦ માં પરીક્ષા ફોર્મ ભરી શકશે નહિ કે પરીક્ષા આપી શકશે નહિ.
13. વિદ્યાર્થીએ પરીક્ષા ફોર્મ ભરતી વખતે તેનો નોંધણી નંબર તથા અભ્યાસક્રમ અવશ્ય દર્શાવવાનો રહેશે. દા.ત. 811010104787B.A. વિદ્યાર્થીએ નોંધણી નંબર લખવામાં અચૂક કાળજી રાખવી. ઉદાહરણમાં બતાવ્યા પ્રમાણે "."(ડોટ)પણ કરવું.
14. અભ્યાસકેન્દ્ર સંચાલકોએ વિદ્યાર્થી ચોકસાઈપૂર્વક સાચી માહિતી ભરે અને પરીક્ષા ફોર્મ તથા પરીક્ષા ફોર્મ જમા કરાવ્યાની પહોંચમાં આપના કેન્દ્રના સહી સિક્કા થાય તેની કાળજી રાખવી. ઉદાહરણ તરીકે વિદ્યાર્થીનો નોંધણી નંબર અને નામ, અભ્યાસક્રમ, પાઠ્યક્રમના કોડ અને નામ વગેરે માટે માર્ગદર્શન પૂરું પાડવું. અધૂરા અથવા ખોટી વિગતો વાળા પરીક્ષા ફોર્મ માન્ય ગણાશે નહિ તેની વિદ્યાર્થી તથા કેન્દ્ર સંચાલકે કાળજી રાખવી.
15. પરીક્ષા ફોર્મમાં અને પરીક્ષા ફોર્મ જમા કરાવ્યાની પહોંચમાં અભ્યાસ કેન્દ્રનાં સહી અને સિક્કા હોવા જરૂરી છે.તેમજ વિદ્યાર્થીએ પરીક્ષા ફોર્મ જમા કરાવ્યા બાદ ફોર્મ જમા કરાવ્યાની પહોંચ કાળજીપૂર્વક સંભાળીને રાખવી.

16. સંપૂર્ણ અને સાચી વિગતો સાથે ઓનલાઈન ફાઈનલ સબમીટ કરેલ પરીક્ષા ફોર્મ પર ફોર્મ સબમીટ કર્યા તારીખ છપાયેલ હશે જે તારીખ વિદ્યાર્થી દ્વારા ફોર્મ સબમીટ કર્યા તારીખ ગણાશે.
17. **નિયત સમય મર્યાદામાં ઓનલાઈન પરીક્ષા ફોર્મ સબમિટ કરેલ વિદ્યાર્થીની જ** હોલ ટીકીટ ઉપલબ્ધ કરવામાં આવશે, તેની દરેક વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવી.
18. પરીક્ષાનું સમય પત્રક જાહેર થયા બાદ તમામ અભ્યાસક્રમનાં વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની વેબસાઈટ પરથી પોતાની હોલ ટીકીટ ડાઉનલોડ કરી શકશે અને એજ દિવસે દરેક અભ્યાસ કેન્દ્ર તથા પરીક્ષા કેન્દ્ર પરથી મળી શકશે.
19. પરીક્ષા કેન્દ્રો પર બેઠક વ્યવસ્થાનાં આયોજન અર્થે તારીખ અને સેશન મુજબ વિદ્યાર્થીઓની સંખ્યા મુજબનું પત્રક પરીક્ષા કેન્દ્રનાં ઈ-મેઈલ આઈડી પર મોકલવામાં આવશે.
20. વિદ્યાર્થીએ યુનિવર્સિટી દ્વારા નક્કી કરેલ પરીક્ષા કેન્દ્રમાં અને Hall Ticket માં દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર પરથી જ પરીક્ષા આપવાની રહેશે અન્ય પરીક્ષા કેન્દ્ર પર આપેલ પરીક્ષા રદ કરવામાં આવશે.
21. વિદ્યાર્થીએ પરીક્ષા આપતી વખતે પોતાની હોલ ટીકીટ તથા યુનિવર્સિટીનું આઈકાર્ડ સાથે રાખવું અને પરીક્ષા દરમ્યાન હોલ ટીકીટમાં ખંડ નિરીક્ષકશ્રીની સહી અચૂકપણે કરાવવી.
22. પરીક્ષાની Hall Ticketમાં વિદ્યાર્થીને ફાળવેલ પરીક્ષા કેન્દ્ર, પૂરું નામ, નોંધણી નંબર, પાઠ્યક્રમો, પરીક્ષાની તારીખ અને સમય ની વિગતો સંપૂર્ણ અને સાચી દર્શાવેલ છે, તે ચેક કરી લેશો. પરીક્ષા ખંડમાં Hall ticketમાં ખંડ નિરીક્ષકશ્રીની અચૂકપણે સહી કરાવવાની રહેશે.
23. પરીક્ષા ફોર્મ તેમજ Hall ticket માટેની કોઈ પણ અગવડ પડે તો **exam.query@baou.edu.in** પર ઈમેઈલ કરવાનો રહેશે.
24. વિદ્યાર્થીએ જે પાઠ્યક્રમોમાં પ્રવેશ નોંધણી કરાવી હોય તે જ પાઠ્યક્રમની પરીક્ષા આપી શકાશે.
25. હાલની Coronavirus COVID-19 સંક્રમણની પરિસ્થિતિને ધ્યાને લઈ વિદ્યાર્થી દ્વારા પરીક્ષા ફોર્મ અભ્યાસ કેન્દ્ર પર તેમજ અભ્યાસ કેન્દ્રો દ્વારા યુનિવર્સિટી ખાતે જમા કરાવતી વખતે ગુજરાત સરકાર અને ભારત સરકારનાં COVID-19 અંગેનાં દિશાનીર્દેશોનું સંપૂર્ણ પણે પાલન કરવા અંગે આપ સર્વેને ખાસ અનુરોધ છે.

-Sd-
Dr. Dhaval Pandya
Controller of Examination (I/c.)